મધ્ય ગુજરાત
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080
**સોમવાર ૨૯ જૂન, ૨૦૨૬**


## સંક્ષિપ્ત સમાચાર

### ચૈતર વસાવાને સજાના ચુકાદા સામે છોટાઉદેપુરમાં જનાક્રોશ: વિરોધ રેલી યોજાઇ




**છોટાઉદેપુર :** ડેડીયાપાડાના લોકપ્રિય ધારાસભ્ય અને આદિવાસી નેતા ચૈતર વસાવાને અદાલત દ્વારા ૭ વર્ષની સજા ફટકારવામાં આવતા જ સમગ્ર આદિવાસી પટ્ટાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. અદાલતના આ નિર્ણય સામે આમ આદમી પાર્ટી (AAP) અને સ્થાનિક સમર્થકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચુકાદાના વિરોધમાં આજે છોટાઉદેપુર ખાતે આમ આદમી પાર્ટી અને આદિવાસી સમાજના સમર્થકો દ્વારા એક વિશાળ વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ જનઆક્રોશ રેલીમાં જોડાયેલા સેંકડો કાર્યકરો અને સમર્થકો હાથમાં પ્લેકાર્ડ અને બેનરો સાથે જોડાયા હતા.

### સંખેડામાં પોલિયો રસીકરણ અભિયાન શરૂ: પાંચ વર્ષ સુધીના બાળકોને રસી અપાઇ



**સંખેડા :** સંખેડા તાલુકામાં પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભથયો છે. આ અભિયાન અંતર્ગત શૂન્યથી પાંચ વર્ષના બાળકોને પોલિયોની રસી આપવામાં આવી રહી છે. સંખેડા તાલુકામાં રાષ્ટ્રીય પલ્સ પોલીયો 2026 અંતર્ગત 28 જૂનના રોજ ઝીરો થી પાંચ વર્ષના બાળકોને પોલીયોના બે પીવડાવી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાસણા ગામના પરવેટા ખાતે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ રાયસીંગભાઈ ભીલ ના હસ્તે ઝીરો થી પાંચ વર્ષના બાળકોને પોલિયો પીવડાવવામાં આવી.

### શિનોરના સાધલી, સીમળી અને શિનોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પોલીયો રસીકરણ યોજાયું



**શિનોર :** વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી, સીમળી અને શિનોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા આજે 28 જૂન, રાષ્ટ્રીય પલ્સ પોલિયો રવિવાર નિમિત્તે 0 થી 5 વર્ષના બાળકોને પોલિયોની રસીના બે ટીપાં પીવડાવવાનો કાર્યક્રમ યોજાયો હતો. આરોગ્ય વિભાગે વધુમાં વધુ બાળકો સુધી પહોંચીને પોલિયોમુક્ત ભારતના સંકલ્પને સાકાર બનાવવા અપીલ કરી હતી. શિનોર તાલુકાના સાધલી, સીમળી તેમજ શિનોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત 0 થી 5 વર્ષના બાળકોને પોલિયોની રસીના બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતા.

### આયુષ્માન આરોગ્ય મંદિર, જબુગામ દ્વારા પોલિયો રસીકરણ અભિયાન યોજાયું



**બોડેલી :** છોટાઉદેપુર જિલ્લા આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ તારીખ 28, 29,અને 30 ના દિવસે પોલિયો રસીકરણ કરવા માટેનો આયોજન કરવામાં આવ્યું છે જે અનુસંધાને આજ રોજ જબુગામ ખાતે પોલિયો રસીકરણ અભિયાનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. અભિયાન અંતર્ગત જબુગામની ત્રણ આંગણવાડી કેન્દ્રો તેમજ મુખ્ય બજારમાં પોલિયો રસીકરણના બૂથ ઉભા કરવામાં આવ્યા હતા, જ્યાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી. અને આવતા બે દિવસ પણ રસીકરણ ચાલુ રહેવાનું છે જેથી કરીને બાકી રહેતા બાળકોને આ રસીકરણ બુથ પર આવી રસી મુકાવવા માટેનો અનુરોધ પણ કરવામાં આવ્યું છે.

### પાદરા સંતરામ મંદિરે નિર્જળા (ભીમા) એકાદશી નિમિત્તે કેરી મનોરથનું આયોજન



**પાદરા :** પાદરા સ્થિત સંતરામ મંદિર ખાતે જયેષ્ઠ માસની પવિત્ર નિર્જળા (ભીમા) એકાદશી નિમિત્તે ભવ્ય કેરી મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક માહોલ વચ્ચે મોટી સંખ્યામાં હરિભક્તોએ ઉપસ્થિત રહી દર્શન અને પૂજનનો લાભ લીધો હતો. પ્રસંગની શરૂઆત સવારે શાલિગ્રામ ભગવાનની વિશેષ પૂજા-અર્ચના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ કેરી મનોરથના દર્શન માટે મંદિરના દ્વાર ભક્તો માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા. મંદિર પરિસરમાં કેરીઓ દ્વારા આકર્ષક શણગાર કરવામાં આવતા ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. બપોરે સખી ભજન મંડળ દ્વારા ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હરિભક્તોએ ભક્તિગીતો અને કીર્તનો દ્વારા ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું.

---

**સાવલીમાં કેમિકલ વેસ્ટ સળગાવવાના કથિત કૌભાંડનો ફરી પર્દાફાશ**

# લામડાપુરા-કુનપાડ રોડ પર કેમિકલ કચરામાં આગથી દોડધામ; GPCBની ભૂમિકા સામે સવાલ

**આસોજ, લસુન્દ્રા રોડ, ટુંડાવ-સમલાયા રોડ, મંજુસર-આસોજ રોડ તેમજ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે નજીકના વિસ્તારોમાં પણ ઔદ્યોગિક કચરો ઠાલવી સળગાવવાની પ્રવૃત્તિ**



(પ્રતિનિધિ) સાવલી, તા.28
સાવલી તાલુકાના લામડાપુરા કુનપાડ રોડ પર વિવિધ કંપનીઓમાંથી નીકળતા વિવિધ પ્રકારના કેમિકલ વેસ્ટ ફેંકીને તેમાં આગ લગાડી નષ્ટ કરવાના ચાલતા કૌભાડ ના પગલે આજરોજ કચરામાં માં આગ લાગતા ભારે દોડધામ ના દ્રશ્યો સર્જાયા હતા અને કસૂરવારો સામે દાખલારૂપ કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે સાવલી તાલુકાની કેટલીક ઈન્ડસ્ટ્રીઓ દ્વારા ગેરકાયદેસર રીતે આવાવરૂ જગ્યામાં પોતાના ભાડૂતી માણસો દ્વારા આ પ્રકારના વેસ્ટ ફેંકવામાં આવે છે અને પર્યાવરણને નુકસાન કરે છે સાથે સાથે કેટલાક માથાભારે તત્વો આ પ્રકારના પ્લાસ્ટિક તેમજ અન્ય પ્રકારના સોલીડ વેસ્ટ નો નિકાલ કરવાનો ગેરકાયદેસર રીતે ગોરખ ધંધો ચલાવતા હોય છે અને પર્યાવરણનું નિકંદન કરતા હોય છે તેવામાં આજરોજ લામડાપુરા થી કુનપાડ જતા માર્ગ પર આ પ્રકારે ફેંકી દેવાયેલા કચરામાં આગ લગાવી દેવામાં આવી હતી તેના પગલે આજુબાજુની ફેક્ટરીઓના માલિકો અને રહીશોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. મંજુસર જીઆઈડીસીના ફાયર એ આવીને આગને ઓલવી હતી આ આગના પગલે ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી નજરે જણાતા હતા તેના કારણે લોકો માં ઉત્સુકતા જાગી હતી અને લોક ટોળા ઉમટી પડ્યા હતા.

ખુલ્લી જગ્યામાં વિવિધ કંપનીઓ દ્વારા ફેંકવામાં આવતા વેસ્ટમાં આગ ની ઘટના એ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની અને નિયમો ની પોલ ખોલી નાખી છે

### કાલોલના ડેરોલગામમાં કાળમુખી દીવાલ ધસી પડતાં વૃદ્ધનું કરૂણ મોત

કાલોલ : કાલોલ તાલુકાના ડેરોલગામ ખાતે રહેતા બળવંતભાઈ મગનભાઈ પરમાર (ઉંમર વર્ષ ૬૦) ગામના જ અન્ય રહીશ અલ્પેશભાઈ મનુભાઈ પટેલના મકાનની જર્જરિત દીવાલની બાજુમાં ટ્રેક્ટરના કલ્ટીવેટરના દાંતા ફિટ કરવાનું કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક જ મકાનની જર્જરિત દીવાલ પત્તાના મહેલની જેમ ધસી પડી હતી. દીવાલનો મસમોટો કાટમાળ બળવંતભાઈ પર પડતાં તેઓ ગંભીર રીતે દબાઈ ગયા હતા અને ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું.ઘટનાની જાણ થતાં જ ડેરોલગામના તલાટી કમ મંત્રીએ તુરંત જ સક્રિયતા દાખવી કાલોલ મામલતદાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ તેમજ કાલોલ પોલીસને સમગ્ર મામલાની લેખિત/મૌખિક જાણ કરી હતી.

---

**બે ગાયોને ક્રૂરતાપૂર્વક લઈ જતો ચાલક મુદ્દામાલ મૂકી ફરાર**

## કાલોલના સગનપુરા અલાલી રોડ પર ગાડી ઝાડ સાથે અથડાતાં ગૌવંશ તસ્કરીનો પર્દાફાશ



(પ્રતિનિધિ) કાલોલ, તા.28
વેજલપુર પોલીસ સ્ટેશનની હદમાં ગૌવંશ તસ્કરી અને પશુ ક્રૂરતાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કાલોલ તાલુકાના અલાલી ગામ પાસે એક ટાટા ઈન્ડિકા વિસ્ટા ગાડી ઝાડ સાથે અકસ્માતગ્રસ્ત થતાં, તેમાંથી ગેરકાયદેસર અને નિર્દયતાપૂર્વક બાંધેલી ૨ ગાયો મળી આવી છે. અકસ્માત બાદ ગાડીનો ચાલક વાહન અને અન્ય સામાન ઘટનાસ્થળે જ મૂકીને નાસી છૂટ્યો હતો. આ અંગે વેજલપુર પોલીસે કુલ ૨,૪૦,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ ફરિયાદ અનુસાર, ૨૮ જૂન ૨૦૨૬ ના રોજ વહેલી સવારે આશરે ૦૨:૩૦ વાગ્યાની આસપાસ સગનપુરાથી અલાલી ગામ તરફ જતા રોડ પર પાણીની ટાંકી પાસે એક સફેદ કલરની ટાટા ઈન્ડિકા વિસ્ટા ગાડી (નંબરઃ GJ-17-AH-6543) ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતના કારણે ગાડીના બોનેટ, કાચ અને નંબર પ્લેટને ભારે નુકસાન થયું હતું. સ્થાનિક સામાજિક આગેવાન અને ખેડૂત કિરણસિંહ રતનસિંહ પરમારને ગામના અન્ય યુવકે જાણ કરતાં તેઓ તુરંત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં ગામલોકો એકઠા થયેલા હતા. મોબાઈલની બેટરીના અજવાળે જોતાં ગાડીની પાછળની સીટ હટાવીને, ઘાસચારા કે પાણીની કોઈ પણ સગવડ વગર, ટૂંકા દોરડા વડે ૨ લાલ કલરની ગાયોને અત્યંત દયનીય અને ક્રૂર હાલતમાં બાંધી રાખવામાં આવી હતી. પંચોની હાજરીમાં ગાડીની તલાશી લેતા ડ્રાઈવર સીટ પાસેથી એક વીવો કંપનીનો કેસરી કલરનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો, જેના કવરમાંથી બાંડી યુનુસ સિકંદર (રહે. વેજલપુર, કાલોલ) ના નામનું આધાર કાર્ડ મળ્યું હતું. આ ઉપરાંત, ગાડીના ડ્રોવરમાંથી આર.સી. બુક અને વીમાની ઝેરોક્ષ મળી આવી હતી.

### નેનકી ગ્રામ પંચાયતમાં ૨૭ લાખના બાંધકામમાં ગેરરીતિના આક્ષેપ

દાહોદ : દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના નેનકી ગામમાં નવીન ગ્રામ પંચાયતના અંદાજે રૂ. 27 લાખના બાંધકામમાં હલકી ગુણવત્તાનું કામ થતું હોવાના આક્ષેપો સાથે ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિકોએ કોન્ટ્રાક્ટર સામે તાલુકા કક્ષાએ રજૂઆત કરી તાત્કાલિક તપાસની માંગ કરી હતી, પરંતુ અરજીને 24 દિવસ વીતી જવા છતાં કોઈ તપાસ હાથ ધરાઈ ન હોવાનું જણાવાયું છે. અરજદાર રણછોડભાઈ ગવજીએ તાલુકા વિકાસ અધિકારી (TDO) સમક્ષ અનેક વખત રજૂઆત કરી હતી. ત્યારબાદ બાંધકામ શાખામાં પૂછપરછ કરતાં આ કામ માર્ગ અને મકાન વિભાગ, ઝાલોદ હેઠળ આવતું હોવાનું જાણવા મળતાં તેમણે ઝાલોદના સંબંધિત ઈજનેર અને અધિકારીઓનો મોબાઇલ દ્વારા સંપર્ક કરી તપાસની માંગ કરી હતી.

**જુમ્મા મસ્જિદ પાસે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા**

## કાલોલ પોલીસ દ્વારા નશા મુક્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યો



(પ્રતિનિધિ) કાલોલ, તા.28
આંતરરાષ્ટ્રીય નશા વિરોધી દિવસ (NDPS Day) નિમિત્તે દેશભરમાં વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે, ત્યારે કાલોલ નગરમાં પણ કાલોલ પોલીસ દ્વારા એક પ્રશંસનીય જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાલોલ નગરની જુમ્મા મસ્જિદ પાસે કાલોલ પોલીસ દ્વારા 'નશા મુક્ત ભારત' અભિયાન અંતર્ગત એક વિશેષ પ્રોગ્રામ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સ્થાનિક રહીશો અને ખાસ કરીને યુવાધનને નશાના દૂષણથી દૂર રાખવા અને તેનાથી થતા શારીરિક, આર્થિક તથા સામાજિક નુકસાન અંગે જાગૃત કરવાનો હતો.પોલીસ વિભાગના આ નશા મુક્તિ અભિયાનને સ્થાનિક લોકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. જુમ્મા મસ્જિદ પાસે યોજાયેલા આ પ્રોગ્રામમાં સ્થાનિક આગેવાનો, યુવાનો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન કાલોલ પોલીસના અધિકારીઓ દ્વારા ઉપસ્થિત લોકોને સંબોધન કરવામાં આવ્યું હતું અને નશાની લતમાંથી કેવી રીતે મુક્ત થઈ શકાય તે અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### દાહોદમાં ચૈતર વસાવા ના સમર્થનમાં કાર્યકરોની પદયાત્રા



(પ્રતિનિધિ) દાહોદ, તા.28
દાહોદ શહેર આજે ચૈતર વસાવાના સમર્થનમાં યોજાયેલી વિશાળ પદયાત્રાનો સાક્ષી બન્યું હતું. દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો, આદિવાસી સમાજના આગેવાનો, યુવાનો અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર માર્ગ દરમિયાન સમર્થકોએ ચૈતર વસાવાના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા અને એકતા તથા લોકશાહી મૂલ્યો જાળવવાનો સંદેશ આપ્યો. આ પદ યાત્રા માં વિવિધ આગેવાનોએ જણાવ્યું કે ચૈતર વસાવા પ્રત્યે થઈ રહેલા અન્યાયનો વિરોધ સમગ્ર આદિવાસી સમાજ કરી રહ્યો છે.

**આરોપી લાંબા સમયથી વોન્ટેડ હતો**

## પાવીજેતપુર પોલીસે NDPS ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપ્યો



(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.28
છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર પોલીસને NDPS એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં મહત્વની સફળતા મળી છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમી અને ટેકનિકલ સોર્સિસની મદદથી લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને મધ્યપ્રદેશમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસને મળેલી માહિતી મુજબ, પાવીજેતપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા B-પાર્ટ ગુ.ર.નં. 11184003250924/2025 હેઠળ NDPS એક્ટની કલમ 8(સી), 20(બી), (ii)(b) અને 29 મુજબ વોન્ટેડ આરોપી ફઝલું મન્સુર મન્સુરી (ઉં.વ. અંદાજે 62 વર્ષ) રહે. જયહિન્દનગર, ગાયબેડા મહોલ્લા, તા.અંજડ, જી. બડવાની (મધ્યપ્રદેશ) પોતાના એક ઘરેથી બીજા ઘરે જતો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે ટેકનિકલ સોર્સિસની મદદથી અંજડ ખાતે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપી પોતાના ઘરની બહાર ઉભેલો મળી આવતા તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે પોતાની ઓળખ ફઝલું મન્સુર મન્સુરી તરીકે આપી હતી. પોલીસની વધુ પૂછપરછમાં આરોપી પાવીજેતપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS એક્ટના ગુનામાં નાસતો ફરતો હોવાનું સામે આવ્યું હતું.

**વિદ્યાર્થીઓ કાદવ-કિચડથી ભરેલા રોડ પરથી પસાર થવા મજબૂર**

## ફતેપુરાનો ઉખરેલી રોડ વિદ્યાર્થીઓ માટે બન્યો મુશ્કેલીનો માર્ગ, તંત્ર સામે રોષ



(પ્રતિનિધિ) ફતેપુરા, તા.28
ફતેપુરા તાલુકામાં આવેલી ઉખરેલી રોડની બિસ્માર હાલતને કારણે વિદ્યાર્થીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ માર્ગ પર આર્ટ્સ કોલેજ, આઈ.ટી.આઈ. કોલેજ તેમજ અનેક શાળાઓ આવેલી હોવાથી રોજ હજારો વિદ્યાર્થીઓ અહીંથી અવરજવર કરે છે.

પરંતુ રસ્તાની ખરાબ સ્થિતિ અને પાણીના યોગ્ય નિકાલના અભાવે વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. રોડ પર મોટા મોટા ખાડાઓ પડી ગયા છે અને વરસાદી પાણી લાંબા સમય સુધી ભરાઈ રહેતાં સમગ્ર માર્ગ કાદવ-કીચડથી છવાઈ જાય છે. પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવાના કારણે વરસાદ દરમિયાન સ્થિતિ વધુ વિકટ બની જાય છે. જેના કારણે વિદ્યાર્થીઓને સ્કૂલ અને કોલેજ પહોંચવામાં ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. પસાર થતાં વાહનોના કારણે વિદ્યાર્થીઓના યુનિફોર્મ પર કીચડ ઉડતો હોવાની ફરિયાદો પણ ઉઠી રહી છે. સ્થાનિકો અને વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ આ સમસ્યાને લઈને અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કામગીરી હાથ ધરવામાં આવી નથી. જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે આક્રોશ ફેલાયો છે.

**તલાટી, સરપંચ અને ટીડીઓના ભેદી મૌનથી અનેક સવાલો ઉઠ્યા**

## મોભા ગામની ગૌચર સરકારી પડતર જમીનમાં માટી ચોરીના આક્ષેપો થયા

(પ્રતિનિધિ) પાદરા, તા.28
પાદરા તાલુકાના મોભા ગામમાં ગૌચર તરીકે નોંધાયેલી સરકારી પડતર જમીનમાંથી માટીનું ગેરકાયદે ખનન અને માટી ચોરી થઈ હોવાના આક્ષેપો વચ્ચે સમગ્ર મામલે ગ્રામ પંચાયત તંત્ર અને સંબંધિત અધિકારીઓની કામગીરી સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે. આ મુદ્દે અગાઉ સ્થાનિક વર્તમાનપત્રમાં અહેવાલ પ્રસિદ્ધ થયા હોવા છતાં હજુ સુધી કોઈ સત્તાવાર તપાસ શરૂ કરવામાં આવી નથી કે જવાબદાર સામે કોઈ કાર્યવાહી હાથ ધરાઈ નથી. જોકે, મામલો પ્રકાશમાં આવ્યા બાદ પણ ગ્રામ પંચાયતના તલાટી, સરપંચ તેમજ સંબંધિત અધિકારીઓ દ્વારા કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. જેના કારણે સમગ્ર પ્રકરણને લઈ અનેક પ્રકારની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ગ્રામજનોમાં એવી પણ ચર્ચા છે કે વરસાદી મોસમ શરૂ થતાં કુદરતી રીતે ખોદકામના નિશાન ધોવાઈ જાય અને સમગ્ર મામલો દબાઈ જાય તે માટે સમય પસાર કરવાની રણનીતિ અપનાવવામાં આવી રહી છે. બીજી તરફ, કેટલાક જાગૃત નાગરિકોનો દાવો છે કે તલાટી અને સરપંચ દ્વારા મામલો રફેદફેર કરવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ આ સમગ્ર પ્રકરણમાં કરજણ તાલુકા પંચાયતના એક કર્મચારીની પણ શંકાસ્પદ ભૂમિકા અંગે ચર્ચાઓ ચાલી રહી છે. જોકે આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. કરજણના ટીડીઓ આ બાબતે અજાણ હોવાનું જણાવાઈ રહ્યું છે, જ્યારે પાદરા ટીડીઓ દ્વારા પણ હજુ સુધી કોઈ તપાસ કે અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી નથી. રાજ્ય સરકાર પારદર્શક અને જવાબદાર વહીવટની વાત કરતી હોવા છતાં સરકારી ગૌચર જમીન સંબંધિત ગંભીર આક્ષેપો સામે લાંબા સમયથી કોઈ તપાસ ન થતાં મુખ્યમંત્રીના પારદર્શક વહીવટના દાવાઓ સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે.

### હાલોલ રૂરલ પોલીસ કવાટર્સમાંથી સાપનુ રેસ્ક્યુ કરવામાં આવ્યું



હાલોલ : હાલોલ રૂલર પોલીસ સ્ટેશનના કવોટર ડી.વાય. એસ.પીના મકાનના કમ્પાઉન્ડ માથી ધામન સાપ નુ રેસ્ક્યુ કર્યુ પ્રાપ્ત માહીતી મુજબ હાલોલ રૂલર પોલીસ સ્ટેશન મા ફરજ બજાવતા જસવંતભાઈએ સિદ્ધાંત જીવદયા ટીમ મેમ્બર પિન્ટુભાઈ ને ટેલિફોનિક સંપર્કથી જાણ કર્યુ કે પોલીસ સ્ટેશનના કવોટરમા સાપ છે તો સિદ્ધાંત જીવદયા ટીમ મેમ્બર પિન્ટુભાઈ અને મયુરભાઈ સ્થળ ની પર જઈ તપાસ કરી તો ધામન સાપ હતો તો અડધા કલાકની મેહનત બાદ ધામન સાપનુ રેસ્ક્યુ કર્યુ હતુ.

## પ્રેમ સંબંધમાં મનદુ:ખ થતાં યુવકે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.28
પાદરા તાલુકાના રણૂ ગામ નજીક આવેલી ઈપ્કા કંપની પાસે નર્મદા કેનાલ નજીક એક યુવકે પ્રેમ સંબંધના કારણે મનદુઃખ થતાં ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ કરવામાં આવી છે.

પોલીસમાંથી મળતી માહિતી અનુસાર, વાલીપુરા ગામ ખાતે રહેતા અને મૂળ જનકપુરી મહુવડ ગામના વતની આશરે ૨૩ વર્ષીય અમિતકુમાર અરવિંદસિંહ પરમારને માળી સમાજની એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો અને તે યુવતી સાથે લગ્ન કરવાની ઈચ્છા ધરાવતા હતા. જોકે, સમાજ દ્વારા આ લગ્ન સ્વીકારવામાં નહીં આવે તેવી માનસિક ચિંતા અને મનદુઃખના કારણે તેમણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. રણૂ ગામ નજીક ઈપ્કા કંપની પાસે નર્મદા કેનાલ નજીક અમિતકુમારે પોતાની જાતે કોઈ અજાણી ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં પરિવારજનો અને સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે યુવકના પિતા અરવિંદસિંહ ચંદુભાઈ પરમાર (ઉંમર ૫૨), રહે. વાલીપુરા ગામ, તા. પાદરા દ્વારા પાદરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. પોલીસે જાણવા જોગ નંબર ૨૪/૨૦૨૭ હેઠળ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.